# ન્યાયાધીશ / જજ

ન્યાયાધીશ એક ચૂંટાયેલા અથવા નિયુક્ત અધિકારી છે જે અદાલતની કાર્યવાહીનું સંચાલન કરે છે અને તેની અધ્યક્ષતા કરે છે. ન્યાયાધીશો કાયદાના અર્થ, મહત્વ અને અસરોના અર્થઘટન/વ્યાખ્યાઓ કરવા માટે જવાબદાર છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમે તમારા કામનો રેકોર્ડ સારી રીતે રાખી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- કાયદાના વિદ્યાર્થીઓ માટેની આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ અને જી.ઈ.વી. મેમોરિયલ મેરિટ શિષ્યવૃત્તિ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ છે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સ્નાતક (LLB)ની ડિગ્રી પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, તે જ ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. લૉ કૉલેજમાં પ્રવેશ માટે, તમારે સી.એલ.એ.ટી., એ.આઈ.એલ.ઈ.ટી., એલ.એસ.એ.ટી., એમ.એચ. સી.ઈ.ટી. લૉ, ટી.એસ. લો.સી.ઈ.ટી., એ.પી. લો સી.ઈ.ટી., ડી.યુ. એલ.એલ.બી., પી.યુ. એલ.એલ.બી., એસ.એલ.એસ. એ.આઈ.એ.ટી. જેવી પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

હાઈકોર્ટના ન્યાયાધીશનું અંદાજીત માસિક વેતન ૨,૫૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://doj.gov.in/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ડિસ્ટ્રિક્ટ કોર્ટ, સેશન્સ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ છે. તમારા કામના કલાકોનો મહત્તમ સમય તમે કોર્ટરૂમ અથવા ઓફિસમાં વિતાવો તેવી શક્યતા છે. તમે અલગ-અલગ કોર્ટ હાઉસની મુસાફરી કરી શકો છો. અદાલતો સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ દિવસ અને દરરોજ ૮ કલાક કામ કરે છે પરંતુ તમારા પોતાના અભ્યાસ અને સંશોધન માટે તમારે વધારાના કલાકો કામ કરવાની જરૂર પડશે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જજ → સેશન્સ જજ → હાઈકોર્ટના જજ → સુપ્રીમ કોર્ટના જજ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

જજ, મેજિસ્ટ્રેટ, અજ્યુડિકેટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમએસયુ, વડોદરા
૨. એન.એલ.યુ., દિલ્હી
૩. આઈ.એલ.એસ., પુણે
૪. એન.એલ.યુ., હૈદરાબાદ
૫. એન.યુ.જે.એસ., કોલકાતા
૬. એનએફએસયુ, ગાંધીનગર
૭. જી.એન.એલ.યુ., ગાંધીનગર
૮. વીર નર્મદા સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. કર્ણાવટી યુનિવર્સિટી, અમદાવાદ
૨. આર્મી ઈન્સ્ટિટ્યુટ ઓફ લો, મોહાલી
૩. સ્કૂલ ઓફ લો, ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૪. કે.આઈ.આઈ.ટી. સ્કૂલ ઑફ લૉ, ભુવનેશ્વર
૫. આણંદ લૉ કૉલેજ, આણંદ
૬. જિંદાલ ગ્લોબલ લો સ્કૂલ, સોનીપત
૭. સ્કૂલ ઑફ લૉ, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ અને યુનિવર્સિટી સ્ટડીઝ
૮. આઈ.સી.એફ.એ.આઈ. લો સ્કૂલ, હૈદરાબાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**જસ્ટિસ હેમા કોહલી** તેલંગાણા હાઈકોર્ટના પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ છે. જસ્ટિસ કોહલીએ ઈતિહાસમાં બી.એ. અને એમ.એ.ની પદવી હાંસલ કરી અને ત્યારબાદ, એલ.એલ.બી.ની પદવી પ્રાપ્ત કરી. વર્ષ ૧૯૮૪માં કાયદાનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી, તેણીએ તે જ વર્ષે બાર કાઉન્સિલ ઓફ દિલ્હીમાં એક વકીલ તરીકે પ્રવેશ મેળવ્યો.*

સ્રોતઃ
https://tshc.gov.in/judprofile.action?judcode=1011

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.